ગાંધીનગર સમાચાર


જિલ્લામાં ઘાસચારો અને પાણીની તંગી નથી




ફલેગ માર્ચ - મનપાની ચૂંટણીના પગલે સેક્ટર-૭ પોલીસ સ્ટેશન દ્વારા ફલેગ માર્ચ યોજાઈ હતી... સંવેદનશીલ મતદાન મથકોની આસપાસ અસામાજીક તત્વોને લાલ આંખ બતાવવાની ભાગરૂપે ફલેગ માર્ચ ફતેપુરા તથા સેક્ટર-૧૩ આસપાસના સ્લમ વિસ્તારમાં યોજાઈ હતી... ડીવાય.એસ.પી., ૪ પી.આઈ., ૬ પી.એસ.આઈ., ૫૦ પોલીસ જવાનો તથા એક પ્લાટુન એસ.આર.પી. જવાનો ફલેગ માર્ચમાં જોડાયા હતા....

# ધોરણ-૧૦નું પરિણામ ૨૫મી મેએ જાહેર

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ ૨૨ મે અને સામાન્ય પ્રવાહનુ પરિણામ ૧૭ મેના રોજ જાહેર થશે

ગાંધીનગર તા ૧૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ -૧૦ અને ૧૨ ની બાર્ડ પરિક્ષાનુ પરિણામ મે મહીનાના અંતિમ સપ્તાહમાં જાહેર થશે. જેમાં ધોરણ-૧૦ની પરિક્ષાનુ પરિણામ ૨૫ મે ના રોજ જાહેર કરવામાં આવશે. જયારે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ ૨૨ મે તેમજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ ૧૭ મે ના રોજ જાહેર કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૪૪ હજાર જેટલા વિદ્યાર્થીઓએ બાર્ડની કસોટી આપી હતી.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાનુ પરિણામ આગામી મે મહીનામાં જાહેર થશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરિક્ષાના પરિણામોની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ધોરણ-૧૦નુ પરિણામ ૨૫ મેના રોજ જાહેર કરવામાં આવશે. જયારે ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ ૨૨ મેંના રોજ જાહેર કરાશે આ ઉપરાંત ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ ૧૭ મે ના રોજ જાહેર થશે. ગત બોર્ડની પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક વર્ગખંડમા સી સી ટીવી કેમેરાની વોચ ગોઠવામાં આવી હતી. જયારે પરિક્ષા દરમિયાન અંદાજિત ૧૦ જેટાલા કોપી કેસ પણ દાખલ કરવામાં આવ્યા હતા. પરિક્ષાના અંતે હાલ વિદ્યાર્થીઓ વેકેશનના મુડમાં છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજનાનો માહોલ જોવા મળે છે. આવા સંજોગોમાં બોર્ડ દ્વારા પણ પરિક્ષાના પરિણામોની તારીખ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઈન્તેજારીનો અંત આવ્યો છે.

# જિલ્લામાં ઘાસચારો અને પાણીની તંગી નથી

## ગ્રામ્ય વિસ્તારો પણ નર્મદાનું પાણી જ લઈ રહ્યા છે : ઘાસચારાના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે જોવા અને પાણીનો બગાડ થતો અટકે તે જોવા તેમજ પરિસ્થિતિ અંગે કાર્ય-યોજના તૈયાર કરવા કલેક્ટરની સૂચના

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં હાલ દુષ્કાળના કોઈ ઓછાયા દેખાતા નથી પણ તંત્ર આ માટે સતર્ક છે એટલુ જ નહિ જિલ્લામાં ક્યાંય પાણીની કોઈ સમસ્યા ઉભી ના થાય તે જોવા જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે તંત્રના અધિકારીઓને માર્ગદર્શન આપી જરૂરી કાર્યયોજના તૈયાર કરવા જણાવ્યું છે.

જિલ્લામાં પીવાના પાણી તેમજ ઘાસચારાની સ્થિતિ અંગે આજે પાણી પુરવઠા બોર્ડ અને કૃષિ વિભાગના અધિકારીઓની સંયુક્ત બેઠક યોજી જિલ્લા કલેક્ટરે સમીક્ષા કરી હતી.

જિલ્લામાં ઘાસાચારાનું વાવેતર ૨૫ હજાર હેક્ટરમાં થયું છે. આ વાવેતર વિસ્તારમાં વધુ પાંચ હજાર હેક્ટર જેટલો વધારો થાય તે માટે ખેડૂતો સાથે પરામર્શ બેઠકો ગામેગામ યોજવા કલેક્ટરે તંત્રના અધિકારીઓને સૂચન કર્યું હતું. આ ઉપરાંત જિલ્લામાંથી પસાર થતી


● અનુસંધાન પાન-૭ પર


# સંત સરોવરથી વાસણા બેરેજ સુધીના પટમાં રેતી ખનન પર પ્રતિબંધ મૂકાયો

ગાંધીનગર, તા. ૧૯

સંત સરોવરથી વાસણા બેરેજ સુધીના નદી વિસ્તારમાં રેતી ખનન પર પ્રતિબંધ લાદતા હૂકમો જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે જારી કર્યા છે

જિલ્લા કલેક્ટરશ્રીએ મુખ્ય ઈજનેર મુખ્ય નહેર સરદાર સરોવર યોજનાના પત્રમાં કરાયેલ ભલામણ તેમજ રેતી ખનનની સાબરમતી નદી વિસ્તારમાં આવેલ સાયફન પર ઉભા થયેલા ખતરાને ધ્યાને લઈ લીઝ ધારકોની રૂબર સુનાવણીને અંતે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટરશ્રીએ આ લાદેલા બાનને કારણે ૨૩ જેટલા આ વિસ્તારના લીઝ ધારકો મુશ્કેલીમાં મુકાયા છે. જોકે જિલ્લા કલેક્ટરશ્રીએ તેમને અન્ય વિસ્તારમાં લીઝ આપવામાં અગ્રતા મળે તે જોવા રાજ્ય સરકારને અલગથી દરખાસ્ત કરવાની હૈયાધારણ પણ આપી છે.

ગાંધીનગર સાબરમતી નદીના પટમાં ગેરકાયદે રેતી ખનનની પ્રવૃત્તિ વધી રહી છે તેમજ રેતી ખનન એટલી મોટી માત્રામાં થતાં કરાઈ નજીક આવેલ સાયફન પર પણ ખતરો ઉભો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કરાઈ નજીક આવેલ સાયફનને હવે રક્ષિત કરવી તંત્ર માટે આવશ્યક બની ગઈ છે. તંત્ર દ્વારા સાયફનની મરામત માટેના અંદાતો તૈયાર કરવાની કવાયત પણ હાથ ધરવામાં આવી છે અને તે અંદાજે રૂ. ૧૦ કરોડથી વધુ ખર્ચ થાય તેમ લાગી રહ્યું છે.

તંત્રએ આ પટ્ટામાં હવે લીઝ આપવા માટે એક ઉચ્ચ અધિકારીઓની સમિતિ પણ બનાવી છે. જે સમયાંતરે સમીક્ષા કરી તેનો અહેવાલ આપશે અને તે પછી જ આ પ્રતિબંધ ઉઠાવવાની વિચારણા કરાશે.

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે રેતી ખનનના પ્રશ્નો વિધાનસભામાં પણ ચમક્યા હતા અને આ પછી તંત્ર હરકતમાં આવ્યુ છે. આ પ્રતિબંધ મુકવાનો નિર્ણય તાજેતરમાં જ લેવાયો છે.

## આજે ગાંધીનગરમાં સમરસતા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા તા. ૨૦-૪-૨૦૧૬ના રોજ સવારે ૯.૩૦ કલાક, સમરસતા સંમેલનનું (ઉત્તર ઝોન) આયોજન કરાયું છે.

બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે આયોજીત સમરસતા સંમેલનનું મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, ગુજરાત રાજ્ય તથા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ભાજપાના શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા સહિત પ્રદેશ અને ઉત્તર ઝોનમાં આવતા જિલ્લાઓના અગ્રણીઓ તથા કાર્યકર્તાઓ હાજર રહેશે. સેક્ટર-૬ના મેદાનમાં આ આયોજન માટે ગાંધીનગર મહાનગર તથા જિલ્લાના કાર્યકર્તાઓ કાર્યક્રમને સફળ બનાવવા તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

## વિધાનસભાની જાહેર હિસાબ સમિતિમાં શકિતસિંહ ગોહિલ અધ્યક્ષપદે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત વિધાનસભાની પંચાયતી રાજ સમિતિના પ્રમુખ તરીકે ઊંઝાના ધારાસભ્ય શ્રી નારાયણભાઈ પટેલ, અંદાજ સમિતિના પ્રમુખ તરીકે શ્રીમતી નીમાબેન આચાર્ય, હિસાબ સમિતિના પ્રમુખ તરીકે શ્રી શકિતસિંહ ગોહિલ તો જાહેર સાહસોના પ્રમુખ તરીકે શ્રી નરોત્તમભાઈ પટેલની નિયુકિત કરવામાં આવી છે.

### જિલ્લાના ત્રણ ધારાસભ્યોને પણ સમિતિઓમાં સ્થાન અશોક પટેલ પંચાયતી રાજમાં, બળદેવજી ઠાકોર જાહેર હિસાબ સમિતિમાં તો શંભુજી ઠાકોર ને અંદાજ સમિતિમાં સ્થાન

વિધાનસભાની ચાર મહ્ત્વની સમિતિઓની રચના અંગે આજે વિધાનસભા સચિવાલય દ્વારા વિધિવત ઘોષણા કરી દેવામાં આવી છે. જિલ્લાના ત્રણ ધારાસભ્યોની પણ આ સમિતિમાં નિમણુંક થવા પામી છે.

કલોલના કોંગીના સભ્ય શ્રી બળદેવજી ઠાકોરની જાહેર હિસાબ સમિતિમાં, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકકુમાર પટેલની પંચાયતી રાજ સમિતિમાં તો ગાંધીનગર (દ)ના શ્રી શંભુજી ઠાકોરની અંદાજ સમિતિમાં નિમણુંક થવા પામી છે.

વિધાનસભાના સત્રના અંતિમ દિવસે સમિતિઓની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો હતો. આજે આ સમિતિની રચના અંગેની વિધિવત ઘોષણા કરાઈ છે.


# સ્ટેમ્પ વેન્ડરોના લાયસન્સ રીન્યુ કરવાનુ કામ ચુંટણી પ્રક્રિયામાં અટવાયુ

## અરજદારોને સ્ટેમ્પ ન મળતા રોજબરોજ હાલાકી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર અને દહેગામના સ્ટેમ્પ વેન્ડરના લાયસન્સ રીન્યુ ન થતા તેમને સ્ટેમ્પ ઉપલબ્ધ થતા નથી. જયારે અરજદારોને પણ દસ્તાવેજ તેમજ આવકના દાખલા સહીતના કામો માટે સ્ટેમ્પ ન મળતા ધક્કા ખાવાનો વારો આવ્યો છે. ચુંટણીની કામગીરીમાં રોકાયેલા તંત્રના અધિકારીઓના લીધે સ્ટેમ્પ વેન્ડરોના લાયસન્સ રીન્યુ ન થયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

ગાંધીનગર જિલ્લાના સ્ટેમ્પ વેન્ડરો દ્વારા લાયસન્સ રીન્યુ માટે ગત તા ૧ એપ્રિલના રોજ પ્રાંત અધિકારીની કચેરી ખાતે અરજી સુપ્રત કરી હતી. જો કે કલોલ માણસામાં સ્ટેમ્પ વેન્ડરોની રીન્યુઅલ અરજી મંજુર કરી દેવામાં આવી છે. પરંતુ ગાંધીનગર તેમજ દહેગામ વિસ્તારના સ્ટેમ્પ વેન્ડરોની લાયસન્સ રીન્યુ અરજીનો હજુ નિકાલ આવ્યો નથી. લાંબા સમયથી લાયસન્સ રીન્યુ કરવા માટે પ્રાંત અધિકારીની કચેરીમાં અરજી કરવામાં આવી હોવાછતા કોઈ નિકાલ આવ્યો નથી. બીજીતરફ ગાંધીનગર તેમજ દહેગામના અંદાજે ૧૫ જેટલા સ્ટેમ્પ વેન્ડરોને ટ્રેઝરી કચેરીમાંથી સ્ટેમ્પ પણ મળતા નથી. ટ્રેઝરી કચરી દ્વારા સ્ટેમ્પ વેન્ડરો પાસે લેખિત મંજુરી રજુ કરવા જણાંવામાં આવે છે. જયારે ચુંટણી કામગીરીમાં રોકાયેલા તંત્રના લીધે સ્ટેમ્પ વેન્ડરોના લાયસન્સની રીન્યુઅલ અરજીનો નિકાલ આવતો ન હોવાથી સ્ટેમ્પ પણ મળતા નથી. જો કે કલોલ તેમજ દહેગામમાં આ પ્રકીયા પુર્ણ કરી દેવાતા સ્ટેમ્પ વેન્ડરો માટે કોઈ સમસ્યા નથી. પરંતુ ગાંધીનગરમાં હાલ સ્ટેમ્પ વેન્ડરોના લાયસન્સ રીન્યુ કરવાનુ કામ અટવાતા રોષ પ્રવર્તયો છે. જેના પરિણામે અરજદારોને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. એકબાજુ ઈ સ્ટેમ્પીંગ પણ બપોર બાદ બંધ રહેતા નાના મોટા કામો માટે સ્ટેમ્પ મળતા ન હોવાથી આમ નાગરિકોએ પણ હાલાકી વેઠવી પડે છે.



ગાંધીનગરની ભૌગોલિક રચના અદભૂત અને આબેહુબ છે. શહેરના માર્ગોની લંબાઈ-પહોળાઈથી સમગ્ર વિસ્તાર મોકળાશનો અનુભવ કરે છે. જેમાં તંત્ર દ્વારા માર્ગો વચ્ચે સ્ટ્રીટલાઈટનું સોનેરી પિંછ ઉમેરી દેતાં રાત્રી માર્ગો નયનરમ્ય અને આહલાદક દીપી ઉઠે છે. તંત્ર એ સ્ટ્રીટલાઈટમાં લાઈટના અજવાળા બદલી નાંખીને દુધાળા બનાવી દીધા છે. હાલ શહેરની સ્ટ્રીટલાઈટમાં એલઈડી બલ્બનો ઉપયોગ કરી રાત્રીનો નજારો દિવસ જેવો કરી નાખ્યો છે. એલઈડી બલ્બના અજવાળાથી સમગ્ર નગરનો માહોલ બદલાઈ ગયો છે. માર્ગો સફેદ અજવાળાની ચાદરમાં લપેટાઈ ઝળહળી ઉઠયા છે. પસાર થતાં નગરજનો નગરનો આ નવો જ અનુભવ મેળવી આનંદની અનુભુતિ કરી રહ્યા છે. વધુમાં એલઈડી લાઈટ વિજળીની બચતમાં મહત્વનો ભાગ ભજવતી હોવાથી આગામી સમયમાં વિજળીની ભારે બચત થવાના સંજોગો પણ ઉજળા થયા છે.જેથી તંત્રના આ પગલાંને સૌ કોઈ હરખભેર આવકારી રહ્યું છે. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# પંચાયત કાઉન્સીલની બેઠક સરકાર તાત્કાલિક બોલાવે : રાજેન્દ્ર પારધી

## ગ્રામ-પંચાયતોના ખર્ચની મર્યાદામાં સુધારો કરો; ગ્રામ-વિકાસ એજન્સીના ચેરમેન તરીકે પંચાયત પ્રમુખની નિમણુંક કરવા સહિતના ૨૫થી વધુ પ્રશ્નો અંગે વિકાસ કમિશ્નરને રજુઆત કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સરકારે રાજય પંચાયત કાઉન્સીલની બેઠક છેલ્લા ૮ વર્ષથી બોલાવી નથી તે તાત્કાલિક બોલાવવાની માંગ સાથે ૨૫થી પણ વધુ પ્રશ્નો અંગે આજે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદે વિકાસ કમિશ્નરશ્રીને રૂબરૂ મળી લેખિત અને મૌખિક રજુઆત કરી છે.

અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ અને રાજય પંચાયત પરિષદના અધ્યક્ષશ્રી રાજેન્દ્ર પારધીના નેતૃત્વમાં મળેલ પ્રતિનિધિ મંડળે રાજય સરકાર સત્વરે હકારાત્મક નિર્ણય લે તેવી લાગણી વ્યક્ત કરી છે. આ પ્રતિનિધિમંડળે ૨૦૦૮ બાદ પંચાયત કાઉન્સીલની બેઠક નહિ મળી હોવાનું જણાવી સરકારે કરેલા કેટલાક નિર્ણયોની પણ આકરી ટીકા કરી તેમાં પુનઃ વિચારણા કરવાની માંગ કરી છે.

તેમણે જણાવ્યું છે કે જિલ્લા પંચાયતોના સ્વભંડોળ પર નિયંત્રણ લાદવાની બાબત એ બંધારણીય જોગવાઈઓના ભંગ અને તેના પર કોઈ નિયંત્રણ ન હોઈ શકે. શ્રી પારધીએ પંચાયતોની મિલ્કતની જાળવણી માટે પણ વિશેષ અનુદાન ફાળવવાની માંગ કરી એ.ટી.વી.ટી. યોજનામાં પંચાયતના પદાધિકારીઓને સામેલ કરવા જોઈએ તેવી તીવ્ર લાગણી વ્યક્ત કરી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં ચેરમેન તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ હોવા જોઈએ એટલુ જ નહિ પંચાયતના પ્રમુખોના આવાસ ભાડાના દર જે ઘણા જુના છે તેમાં સુધારા કરવા પણ માંગ કરી છે.

તેમણે એવી પણ માંગ કરી છે કે અછત-પુરવઠા, શિક્ષણ અને કૃષિ વિગેરેની તાલુકા-જિલ્લા સમિતિઓમાં પંચાયતોના પદાધિકારીઓને સ્થાન હોદ્દાની રૂએ પણ આપવુ જોઈએ. તેમણે રેતી-માટીની જ નહી પણ તમામ ખનીજોના ખનન પર રોયલ્ટીની રકમ ગ્રામ પંચાયતોને મળે તેવી પણ જોગવાઈ કરવી જોઈએ.

ગ્રામીણ વિસ્તારોમાં દર ૪ વર્ષે આકારણીના નિયમનું અસરકારક અમલીકરણ થાય તેનો આગ્રહ પણ આ પ્રતિનિધિમંડળે કર્યો હતો. આ ઉપરાંત ઠરાવ બુકમાં મતદાન કે સર્વાનુમતે તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવે તે જરૂરી છે.


● અનુસંધાન પાન-૭ પર



ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com